



અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૧-૦૯-૨૦૨૪ બુધવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,






તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ ભાદરવા સુદ ૮ વર્ષ : ૨૮ અંક ૩૩૩


### અમદાવાદથી અમરેલી આવી રહેલી ખાનગી બસમાં દસમા ધોરણની વિદ્યાર્થીનીનો પીછો કરી મો કાળુ કરવું ભારે પડયું

# ચાલુ બસે વિદ્યાર્થીની ઉપર બળાત્કાર કરનારને ૨૦ વર્ષની સજા

**અમરેલીની શૈક્ષણિક સંસ્થામાં ભણતી વિદ્યાર્થીની ઉતરાયણની રજામાં ઘેર અમદાવાદ ગયેલ ત્યાંથી પરત અભ્યાસ માટે અમરેલી આવતી હતી : બળાત્કારીએ ત્રણ દિવસ સુધી અમરેલીમાં ફેરવી હતી**

**અમરેલીના જિલ્લા સરકારી વકીલ શ્રી મમતાબહેન ત્રિવેદીએ આરોપીને દાખલારૂપ સજા આપવા કરેલી અપીલ અને પુરાવા માન્ય રાખતા સ્પેશ્યલ પોકસો કોર્ટના જજ શ્રી ડી.એસ. શ્રીવાસ્તવ**

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમદાવાદથી અમરેલી ખાનગી બસમાં આવી રહેલી ૧૦ માં ધોરણની વિદ્યાર્થીની ઉપર તેનો પીછો કરનાર યુવાને ચાલુ બસે બળાત્કાર કરતા અમરેલીની સ્પેશ્યલ પોકસો કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સખત કેદની દાખલારૂપ સજા ફટકારી છે.

આ અંગેની વિગતો એવા પ્રકારની છે કે, તા.૧૮-૧-૨૦૨૩ ના અમરેલીની શૈક્ષણિક સંસ્થામાં ૧૦ માં



(અનુ. પાના નં.૩)

### અમરેલીની શૈક્ષણિક સંસ્થાની જાગૃતીએ વિદ્યાર્થીનીનું જીવન બચાવ્યું

## બસમાં બળાત્કાર કરી અમરેલીમાં ફેરવી ગુનેગાર પિડીતાને સંસ્થામાં મુકવા ગયો

**વાલીએ અમારી સિવાય કોઇ દિકરીને મુકવા આવશે નહી તેવી આપેલી સુચનાનું સંસ્થાએ પાલન કર્યુ અને મુકવા આવેલ ગુનેગારને પકડી રાખ્યો**

અમરેલી,

અમરેલીની શૈક્ષણિક સંસ્થાની જાગૃતીએ વિદ્યાર્થીનીનું જીવન બચાવ્યું હતુ આજે કોર્ટે આપેલા ચુકાદાનાં કેસમાં તપાસ સાથે સંકળાયેલ સુત્રોના

(અનુ. પાના નં.૩)

### એક તબક્કે પીડીતાના પરિવારને કાયદા ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો હતો

## અમરેલીમાં પીડીતાના પરિવારને કાયદા ઉપર પુનઃવિશ્વાસનું સ્થાપન થયું

**કાયદાનું પાલન અને અમલ સાચી રીતે થાય તો ગુનેગાર છટકી શકે નહી તે વાત સાચી પાડતી તપાસનીશ ટીમ અને કોર્ટ**

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમદાવાદથી દિકરીને અમરેલી ભણવા મુકનાર પિડીતાનાં વાલીને કાયદા ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો હતો કારણકે ૨૦૨૧ ની સાલમાં જ્યારે આ પિડીતા ૧૪ વર્ષની હતી ત્યારે આ જ આરોપીએ તેણીનું અપહરણ કરી બળાત્કાર કર્યો હતો અને તેમાં આરોપી જામીન ઉપર છુટી ગયો હતો જેના કારણે પિડીતાના પરિવારને પોલીસ અને કાયદા ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો હતો અને પાછળથી અમદાવાદનો એ ગુનો ના સાબિત થતા આરોપી છુટી ગયો હતો આથી અમરેલી પોલીસે પિડીતાના

(અનુ. પાના નં.૩)

### એસપીશ્રી હિમકરસિંહનું માર્ગદર્શન અને

## પીઆઇ શ્રી પ્રશાંત લક્કડની ટીમનું ઇન્વેસ્ટીગેશન ગુનેગારને ભારે પડયું

**પિડીતાના વાલીએ ચુકાદા પછી રડી પડી અને ફોન ઉપર પોલીસ તંત્રનો આભાર માન્યો**



અમરેલી,

અમરેલીના એસપીશ્રી હિમકરસિંહના માર્ગદર્શનમાં હાલ વઢવાણ ફરજ બજાવતા પીઆઇ શ્રી પ્રશાંત લકકડ તથા તેમના રાઇટરો શ્રી રમેશભાઇ વાળા અને શ્રી રોહિતભાઇ દેગામા દ્વારા બળાત્કારના કેસમાં થયેલું જીણવટાઇભર્યુ ઈન્વેસ્ટીગેશન અને પધ્ધતિસરના કડીબધ્ધ પુરાવાઓને કારણે ગુનેગારને સજા થતા પિડીતાના વાલીએ ચુકાદાની જાણ થતા પોલીસ તંત્રનો આભાર માની ફોન ઉપર રડી પડયા હતા તપાસનીશ ટીમના શ્રી રમેશભાઇ વાળાએ જણાવેલ કે પોલીસ ઉપરથી ઉડી ગયેલ વિશ્વાસ પુનઃસ્થાપિત થતા તપાસનીશ ટીમને પણ આનંદ થયો છે.

## પ્રદેશ ભાજપ આગેવાન શ્રી રેખાબેન માવદીયાનાં ખબર અંતર પુછતા શ્રી સંઘાણી અને શ્રી સાવલીયા



પ્રદેશ મહિલા મોરચા ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ તથા જિલ્લા ભાજપના મંત્રી શ્રી રેખાબેન માવદીયા ના નિવાસ સ્થાને તેમના ખબર અંતર પૂછતા IFFCO ના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી તથા અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલિયા સહિત આગેવાનો તસવીરમાં નજરે પડે છે.

### ૧૪ વર્ષની અણસમજુ દિકરીની પાછળ પડેલ હવસખોરથી

## દિકરીની જીંદગી બચાવવા માટે માવતરે તેણીને અઢીસો કિલોમીટર દુર અમરેલી મુકી હતી

**૨૦૨૧ માં પોકસો કેસમાંથી બચી ગયેલ ધ્રુવની હિંમત ખુલી અને ૨૦૨૩ માં તે અમદાવાદથી પીછો કરી અમરેલી સુધી પહોંચ્યો**

અમરેલી,

અમદાવાદ રહેતા અમરેલી જિલ્લાના વતની એવા પરિવારે પોતાની ૧૪ વર્ષની અણસમજુ દિકરીની પાછળ પડેલ પાડોશી એવા હવસખોર યુવાનથી દિકરીની જીંદગી બચાવવા માટે માવતરે તેણીને અઢીસો કિલોમીટર દુર અમરેલી અભ્યાસ માટે સંસ્થામાં મુકી હતી પણ ૨૦૨૧ માં આ જ દિકરીની જીંદગી બગાડી પોકસો કેસમાંથી બચી ગયેલ ધ્રુવની હિંમત ખુલી ગઈ હતી અને ૨૦૨૩ માં તે અમદાવાદથી પીછો કરી અમરેલી સુધી પહોંચ્યો હતો પરંતુ આ વખતે તેના નસીબે તેને સાથ આપ્યો ન હતો અને કુદરતના ન્યાયનો સિધ્ધાંત સાચો પડયો હતો અને ૨૦ વર્ષની સખત કેદની સજા તેણે ભોગવવાની આવી હતી.




### અમદાવાદની જેમ આસાનીથી છુટી જવાશે માની

## અમરેલીના કેસમાં આરોપી દ્વારા આઠેક વખત જામીન અરજી થયેલ

**છેક હાઇકોર્ટ સુધી પોલીસની તપાસ અને વકીલ શ્રી હેલૈયાની જહેમત ફળી**

અમરેલી,અમરેલીમાં પોકસો એક્ટ હેઠળ ગુનો દાખલ થતા આરોપી ધ્રુવ પરમાર દ્વારા આ કેસમાં પણ અમદાવાદની જેમ આસાનીથી છુટી જવાશે માની અમરેલીના કેસમાં આઠેક વખત જામીન અરજી થયેલ પરંતુ છેક હાઈકોર્ટ સુધી પોલીસની થયેલી તપાસ અને સજજડ પુરાવાઓ તથા ફરીયાદ પક્ષે મદદમાં રહેલ વકીલ શ્રી હેલૈયાની જહેમત ફળી હતી અને આરોપીને જામીન મળેલ નહી.










## અમરેલીમાં રાત્રે ધોધમાર વરસાદ શરૂ

**નાગધ્રા, વિરપુર, જીરામાં વરસાદથી શેલ નદીમાં ઘોડાપુર**

અમરેલી,

અમરેલીમાં રાત્રે ૯ વાગ્યા પછી વરસાદ શરૂ થયો છે જ્યારે ગીર કાંઠાના ધારીનાં નાગધ્રા, વિરપુર, જીરા સહિતના વિસ્તારોમાં વરસાદ પડતા શેલ નદીમાં ઘોડાપુર આવ્યું હોવાનું નાગધ્રાથી પત્રકાર રઘુભાઇ ભડીંગજીએ જણાવ્યુ છે.









### સારહી યુથ કલબ ઓફ અમરેલી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આયોજન થતા

# અમરેલીમાં ગણેશ મહોત્સવમાં ભાવિકો ઉમટયા

## સારહી યુથ કલબ યોજીત ગણેશ ઉત્સવમાં સવારે આરતી બાળકો દ્વારા કરવામાં આવી : બપોરે શહેરના વેપારીઓ તરફથી ગણપતિ દાદાને થાળ ધરવામાં આવ્યો

## શ્રી મુકેશભાઇ સંઘાણીનાં નેતૃત્વમાં સિનિયર સીટીઝન પાર્ક ખાતે ગણપતિ દાદાની થઇ રહેલી આરાધના : ગણેશ ઉત્સવને કારણે અનેરો ધાર્મિક માહોલ





અમરેલી, અમરેલીની સેવાભાવી સંસ્થા સારહી યુથ કલબના પ્રમુખ અને તપોવનઆશ્રમનાસ્વપ્નષ્ટા મુકેશભાઈ સંઘાણી ના માર્ગદર્શન તળે દુંદાળાદેવ ગણપતિદાદાની વંદનાના પર્વ ગણેશ મહોત્સવ-૨૦૨૪ નું આયોજન કરવામા આવેલ છે. અમરેલી મધ્યમા સીનીયર સીટીઝન પાર્ક ખાતે સારહી યુથ કલબ ઓફ અમરેલી દ્વારા ગણેશ ઉત્સવમા તા.૦૯/૦૯/૨૦૨૪ના રોજ સવારની આરતી એપેક્ષ બાળકો દ્વારા ઉતારી હતી, દાદાને બપોરનો થાળ અગ્રણી વેપારી કાળુભાઈ અકબરી તરફથી ધરવામા આવેલ તેમજ સાંજની આરતી બહેરામુંગા સ્કૂલ અને સર્વોદય સ્કૂલના બાળકો દ્વારા આવી હતી. પ્રસાદ હરિઓમ ડેરી ફાર્મ તરફથી ધરવામા આવેલ હતો. ગણેશ ઉત્સવમા બહોળી સંખ્યામા નગરજનો દર્શનલાભ લઈ રહયાનું સંસ્થાની અખબારી યાદીમા જણાવાયેલ છે.

## સાવરકુંડલાનાં પત્રકાર બિપીનભાઇ પાંધી અને મુકેશભાઇ પાંધીનાં માતુશ્રીનું નિધન

### ૧૨મીએ પ્રાર્થનાસભા, શ્રધ્ધાંજલી કાર્યક્રમ



ચલાલા, (પ્રકાશ કારીયા)સાવરકુંડલાનાંપત્રકાર બિપીનભાઈ પાંધી અને મુકેશભાઈ પાંધીનાં માતુશ્રી શારદાબેન હરગોવિંદભાઈ પાંધીનું નિધન થતા તા.૧૨ નાં રોજ તેમના નિવાસસ્થાનેસાતુડીપરાચલાલામાંબપોરે ૪થી ૬ પ્રાર્થનાસભા રાખેલ છે. તેમ જણાવ્યું છે.

## ગોંડલ માર્કેટયાર્ડમાં પ્રતિબંધીત લસણનાં કટ્ટા હરરાજીમાં આવતા પુર્વ ધારાસભ્યશ્રી વિરજીભાઇ ઠુંમરનો આક્રોશ

### ચિનથી લસણ કોણ અને ક્યાં આયાત કરી રહ્યું છે તેનો સરકાર ખુલાસો કરે



અમરેલી,

ગોંડલ માર્કેટયાર્ડમાં ચિનથી દાણચોરી દ્વારા પ્રતિબંધીત લસણનાં કટા હરરાજીમાં આવતા તેનો પ્રત્યાઘાત આપી પુર્વધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે જણાવ્યું કે, બાયોડીઝલ અને પ્રતિબંધીત અનેક લોકોને હાનિકારક પ્રવૃતિઓ ગુજરાતમાં ચાલી રહી છે. અતિવૃષ્ટિને કારણે લોકો પરેશાન છે. અનેક વિસ્તારોમાં લીલો દુષ્કાળ પડી ચુક્યો છે છતા ભાજપની સરકાર સભ્ય નોંધણી કરવામાં વ્યક્ત છે. વીસીને પગાર થયા નથી છતા પણ ફરજ બજાવે છે. ગુજરાતનાં યુવાનોને કઈ દિશામાં ભાજપ લઈ જવા માંગે છે. ગુજરાત દારૂનું હબ બની ચુક્યું છે. બીજી તરફ નમાલી નબળી સરકાર ભારત દેશ અને ગુજરાતને હજુ કેટલું નબળુ પાડવા માંગે છે. માત્ર વાહવાહી લુટીને ગુજરાત કુપોષણમાં નંબર વન બન્યું છે. રસ્તાઓ ખાડામાં ડુબી ગયા છે કે, ખાડાઓ રસ્તામાં છે તે સમજાતુ નથી. અનેક પુલો પડી ગયા છે. નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવેનાં રસ્તાઓ પણ મોટા મોટા ખાડાઓમાં છે. ભાજપને થોડી શરમ હોય તો ગુજરાતનાં વિકાસ પર ધ્યાન આપવું જોઈએ. ચિનથી પ્રતિબંધિત લસણ કોણ લાવી રહ્યું છે. ક્યાં બંદર ઉપર આ લસણ આયાત થઈ ચુક્યું છે. તેનો સરકાર ખુલાસો કરે તેમ શ્રી વિરજીભાઈ ઠુંમરે જણાવ્યું હતું.

### નાયબ દંડક શ્રી કૌશિક વેકરીયાની રજુઆતથી રાજ્ય સરકારે મારેલી મંજુરીની મહોર

## સાંગાડેરી એપ્રોચ રોડ રૂા. ૭૫ લાખનાં ખર્ચે રિસર્ફેસ બનાવાશે

### અમરેલીનાં ગામોને જોડતા રસ્તાનું રિકાર્પેટ કામ પણ ટુંક સમયમાં હાથ ધરવામાં આવશે



અમરેલી, અમરેલીના યુવાન અને કર્મઠ ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરિયાએ પોતાના મતવિસ્તારના રસ્તાઓના કામો તાત્કાલિક ધોરણે મંજૂર થાય વરસાદથી નુકસાન પામેલા રોડના રિકાર્પેટ કરવાના કામ જલ્દી હાથ ધરાય એ માટે રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ભારપૂર્વક રજૂઆત કરેલ. જે અન્વયે સરકારના માર્ગ અને મકાન વિભાગના પંચાયત હસ્તકના સાંગાડેરી એપ્રોચ રોડ ૨.૫૦ કિલોમીટર રસ્તાના રિસરફેસના કામ માટે રૂપિયા ૭૫ લાખની રકમ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે. આ રકમમાંથી અમરેલી ગામોને જોડતા રસ્તાનું રિકાર્પેટ કામ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. રસ્તાના નવીનીકરણનું આ કામ સંપન્ન થતા, આ વિસ્તારની પ્રજાને પડતી મુશ્કેલીમાંથી મુક્તિ મળશે એમ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

### નિલગાયનાં શિકાર માટે નિકળેલા અને પેટ્રોલીંગ દરમિયાન

## સાવરકુંડલાનાં બોરાળાની રેવન્યુ રેન્જમાં દેશી જામગરી સાથે ઝડપાયા

### એડવાન્સ રિકવરી પેટે વન વિભાગે રૂા.૬૦ હજાર નો દંડ વસુલ કરી જામીન મુક્ત કર્યા



અમરેલી,

સાવરકુંડલા વન્ય રેન્જમાં નિલગાયનાં શિકાર માટે નિકળેલ દાઉદ કાળુભાઈ મોરી, સલીમ સુલતાનભાઈ લાડકરે, સાહીલ જુમાભાઈ લાડકરેનાં કબ્જામાંથી જામનગરી બંદુક પકડી પાડેલ છે.

તેઓ નિલગાયનાં શિકારની શોધમાં હોય તે દરમિયાન વન વિભાગનાં નાઈટ પેટ્રોલીંગ દરમિયાન ઝડપી લઈ મુદ્દામાલ અને સાધનો કબ્જે કરી ધોરણસર કાર્યવાહી કરી રિકવરી પેટે દંડ ૬૦ હજાર લઈ જામીન ઉપર મુક્ત કર્યા છે.

## અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગણપતિની આરાધના

### ગણેશ ઉત્સવનું આયોજન થતા વિદ્યાર્થીઓ દ્વારા પુજન અર્ચન અને આરતી



અમરેલી,

શિક્ષણ અને સંસ્કાર માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગણેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગણેશ ચતુર્થી વિઘ્નહર્તા ગણેશજી નું રંગે ચંગે ધામધૂમ પૂર્વક સામૈયું કરીને સ્થાપન કરવામાં આવ્યું હતું. ગણેશજીને પ્રિય લાડુંનો થાળ ધરાવી પૂજા, અર્ચન અને આરતી કરી સૌ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ દર્શનનો લાભ લીધો સંસ્થાના સંચાલક દંપતિશ્રી દિપકભાઈ વઘાસિયા અને વિલાસબેન વઘાસીયાએ ગણેશજી ની આરતી અને પૂજન સાથે સંસ્થાના બધા વિદ્યાર્થીઓએ કરેલ હતું. દર વર્ષની પરંપરા મુજબ સંસ્થામાં ઈકોફ્રેન્ડલી મૂર્તિનું સ્થાપન કરવામાં આવેલ છે.

સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા ગણેશ વંદના તેમજ ગણેશજીના મહાતમ્ય અંગે વકતવ્યો આપવામાં આવ્યા. ગણેશજી લાડું નો થાળ ધરાવીને આજે બપોરના ભોજનમા વિદ્યાર્થીઓને પ્રસાદીના લાડુંનું જમણ આપવામાં આવ્યું હતું.

### સોમનાથ સોની હીરાબેન સતીકુંવર ટ્રસ્ટને

## મુખ્યમંત્રીએ શુભેચ્છા સંદેશો પાઠવ્યો

### દર સોમવારે સોમનાથ મંદિરે અપાતી સેવાઓ બદલ સન્માનિત કર્યા



અમરેલી,

સોમનાથ સોની હીરાબેન સતીકુંવર ટ્રસ્ટ ડો દિનેશભાઈ બારડને મુખ્ય મંત્રીએ શુભેરછા શદેશ પાઠવ્યો હતો અને શાસ્ત્રી મહેશભાઈ જોષીના હસ્તે આપી સન્માનિત કર્યા હતાં. સોમનાથ મહાદેવ શ્રાવણ માસ શુભારંભ થી દર સોમવાર થતી સ્વ પુનમ બેન ધાણક સ્વ અરવિંદભાઈ પ્રભુદાસ ભાઈ સતીકુંવર પ્રેરીત સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર સેવા ટ્રસ્ટ અદયશ્ર સોની દીલીપ કુમાર વંસત રાય ચલ્લા સોની ગીતાબેન દીલીપભાઈ ચલ્લા રાણપુર સોરઠ વાળા દ્વારા થતા આરોગ્ય સેવાઓ તેમજ આરોગ્ય લક્ષી કાર્ય ને ગુજરાત રાજ્ય મુખ્ય મંત્રી ભુપેન્દ્ર ભાઈ પટેલ દ્વારા સમર્થન પ્રાપ્ત થયેલ અને જે શુભ શદેશ પાઠવેલ જે સોમનાથ ના ભાગવતાચાર્ય પરમ પૂજ્ય આચાર્ય ભાસ્કર ભાઈ જોષી શાસ્ત્રી મહેશભાઈ જોષી ના વરદ હસ્તે સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર ટ્રસ્ટ ના અધ્યક્ષ દીલીપભાઈ વંસતરાય ચલ્લા સોની ગીતાબેન સોની દીપકભાઈ ટીલાવંત ડો દીલીપ ભાઈ પરમાર ની ઉપસ્થિતી માં ડો દીનેશ ભાઈ બારડ એડવોકેટ રામભાઈ મુછાળ સહીત અન્ય અગ્રણીઓ ઉપસ્થિત થઈ સોની યોગેશ પ્રભુદાસ સતીકુંવર ને પ્રોત્સાહિત કર્યા હતાં.

## સુરતના સૈયદપુરામાં થયેલ પથ્થરમારાના મામલે પોલીસે ૬ બાળકોને જુવેનાઈલ કોર્ટમાં રજૂ કર્યા

(જી.એન.એસ)સુરત,સુરતના સૈયદપુરામાં ગણેશ પંડાલ પર થયેલા પથ્થરમારાની ઘટનામાં પોલીસ દ્વારા ૬ બાળકોને જુવેનાઈલ કોર્ટમાં રજૂ કરાયા હતા. જેમાં કોર્ટના હુકમ બાદ તમામ કિશોરને ચિલ્ડ્રન હોમમાં મોકલાયા છે. ૧૨ વર્ષના એક કિશોરે અન્ય કિશોરોને આ કામ કરવા માટે ભેગા કર્યા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યુ છે.

### ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ જીતેન્દ્રભાઇ આર.ગોઠડીયા રહે.બાબરા - અમારા અસીલ જમીન ખરીદનાર પરેશભાઇ વલ્લભભાઇ નડીયાદરા અને કલ્પેશભાઇ વલ્લભભાઇ નડીયાદરા અને અનિલભાઇ વલ્લભભાઇ નડીયાદરા તમામ રહે : ન્યુ શક્તિ સોસાયટી, શેરી નં.૨, શક્તિ હોટલની પાછળ - રાજકોટ વાળાની સુચના અને ફરમાઇશ મુજબ લાગતા વળગતાને જાણ થાય કે, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના મોજે શીલાણા ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ પરેશભાઇ વલ્લભભાઇ નડીયાદરા અને કલ્પેશભાઇ વલ્લભભાઇ નડીયાદરા અને અનિલભાઇ વલ્લભભાઇ નડીયાદરા ખરીદ કરવા માંગે છે.

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | માળવીયા ભરતભાઇ આંબાભાઇ | ૩૭ | ૯૫/૧૩ પૈકી ૧૧ | ૨-૭૯-૨૨ |

સબબ ઉપરોક્ત વિગત વર્ણનવાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેના વેચાણ સબંધે કે તેના કબજા સબંધે કે કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક-હિસ્સો, બક્ષીસ, અગ્રહક્ક, વારસાઇ હક્ક કે લેણુ, ગીરો, આ તારીખ પહેલા અગાઉ બાનાખત કરેલ હોય કે બોજો કે ફાઇનાન્સ, સહકારી મંડળી, પ્રાઇવેટ ફાઇનાન્સ, કોઇપણ બેંક સરકારી સંસ્થા કે કોઇપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે દિવસ-૦૭ (સાત) માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઇના વાંધા તકરાર કે દરદાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર દસ્તાવેજ ખરીદનાર પરેશભાઇ વલ્લભભાઇ નડીયાદરા અને કલ્પેશભાઇ વલ્લભભાઇ નડીયાદરા અને અનિલભાઇ વલ્લભભાઇ નડીયાદરા ના નામે કરાવી આપીશું. ત્યાર બાદ જો કોઇના વાંધા કે તકરાર અમારા અસીલના હક્ક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : બાબરા
તારીખ : ૧૦-૦૯-૨૦૨૪

અમારા અસીલ : પરેશભાઇ વલ્લભભાઇ નડીયાદરા અને કલ્પેશભાઇ વલ્લભભાઇ નડીયાદરા અને અનિલભાઇ વલ્લભભાઇ નડીયાદરાની સુચનાથી

એડવોકેટ :- જીતેન્દ્ર આર.ગોઠડીયા
નાગનાથ કોમ્પલેક્ષ, શોપ નં.૧૪, મુ.બાબરા, જી.અમરેલી મો.૯૯૭૮૨ ૭૬૭૫૬

વોટરકુલર - વોટરડીસ્પેન્સર



૨૪ વર્ષનો બહોળો અનુભવ...
દરેક પ્રકારનાં વોટરકુલર બનાવવા જોવા માટે આજે જ પધારો
તેમજ VOLTAS અને BLUE STAR કંપનીનાં વોટરકુલર અને ડીસ્પેન્સર મળશે
તુલસી રેફ્રીજરેશન
છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..
દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી
મો.૯૪૨૬૨ ૮૭૦૯૭




ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
બોનાન્ઝા બેન્કવેટ
કલાપી બેન્કવેટ
ગુલમહોર ફંકશન હોલ
લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન • ડાયરો મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન • બેસણું • પ્રાર્થનાસભા
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.
સંપર્ક : પિનાકીન ચિત્તલીયા
મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩



મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર)
લાઠી રોડ બાયપાસ
અમરેલી

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ
માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧



દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો. ૯૦૩૩૨ ૬૦૦૫૨

બે માળનું મકાન વેચવાનું છે
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે, સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ કનેકશન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫

## ગરૂડેશ્વરમાં ભારે વરસાદ વરસતા ૩ ગામ સંપર્ક વિહોણા થયા

## ઓલ્ડ પેન્શન યોજના સહિતના પડતર પ્રશ્નો અંગે

# મુખ્યમંત્રીએ મંત્રીઓના સમુહ તથા અધિકારીઓ સાથે બેઠક યોજી

### મુખ્યમંત્રીશ્રીએ બોલાવેલી બેઠકમાં શિક્ષણ મંત્રી પ્રફુલભાઇ પાનસેરીયા, કુબેરભાઇ ડીંડોર, ઋષિકેશ મહેતાની ઉપસ્થિતિમાં પેન્શન પ્રશ્નોની ચર્ચા

### ભીખાભાઈ પટેલ, મિતેશભાઈ ભટ્ટ, પરેશભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ તથા અનિરુદ્ધસિંહ સોલંકી સહિત રાષ્ટ્રીય મોરચાના આગેવાનોની ઉપસ્થિતી

અમરેલી,

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત સંલગ્ન રાષ્ટ્રીય સંયુક્ત મોરચાના પ્રતિનિધિઓ સાથે સંગઠન દ્વારા અપાયેલા આંદોલનાત્મક કાર્યક્રમો તથા અગાઉ આપેલા આંદોલનો અને માન. મુખ્યમંત્રીશ્રી સાથે થયેલ પત્ર વ્યવહાર અને ડભોડા ખાતે મુખ્યમંત્રીશ્રી સમક્ષ થયેલ ઓલ્ડ પેન્શન યોજના અન્વયે રજુઆત ના સંદર્ભે સરકારશ્રીના મંત્રી સમુહ અને અધિકારીઓ સાથે મિટિંગ નું આયોજન થયું હતું.

જેમાં સરકારશ્રી તરફથી સરકારના પ્રવક્તા મંત્રી શ્રી ષિકેશભાઈ પટેલ, શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર, શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, શ્રી બચુભાઈ ખાબડ, રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા તથા મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, સામાન્ય વહીવટ તથા નાણાં વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત હતા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત ના પદાધિકારીઓ અધ્યક્ષ ભીખાભાઈ પટેલ, મહામંત્રી મિતેશ ભાઈ ભટ્ટ, અતિરિક્ત મહામંત્રી પરેશભાઈ પટેલ, માધ્યમિક સંવર્ગ ના પ્રહલાદ ભાઈ પટેલ તથા પ્રાથમિક સંવર્ગના મહામંત્રી અનિરુદ્ધ સિંહ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા શિક્ષકો સહીત કર્મચારીઓના પ્રશ્નો તથા ઓલ્ડ પેન્શન યોજના બાબતે લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી સરકારશ્રી દ્વારા આજે ઉપસ્થિત મંત્રી સમુહ તથા અધિકારીઓને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ પ્રેરીત રાષ્ટ્રીય સંયુક્ત મોરચાના દ્વારા આજે લેખિત માં આપવામાં આવેલા આંદોલન ના મુદ્દાઓ ને માન. મુખ્યમંત્રી સમક્ષ લાવવામાં આવશે તથા માંગણીઓ સંદર્ભે નિરાકરણ લાવવામાં આવશે એવું સંગઠન ને સરકાર તરફથી જણાવેલ છે.

## ગણેશ ઉત્સવ નિમિતે ભક્તિભાવ સાથે

# અમરેલીમાં ભક્તિરૂપી પુષ્પ અર્પણ કરતા ફાયરબ્રીગેડનાં જવાનો

### ગણપતિનાં પંડાલમાં જઇ જન જાગૃતિ માટે લોકોને ફાયર અંગે માર્ગદર્શન આપ્યું



અમરેલી, અમરી શહેરની અંદર થતા ગણેશ ઉત્સવના પંડાલમાં ફાયર ઈમરજન્સી સર્વિસના જવાનો દ્વારા ફાયર ઓફિસર એચ સી ગઢવી ની આગેવાની હેઠળ આગ ન લાગે તેની માટે શું કરવું જોઈએ અને આગ લાગે તો તેવા સમયે શું કરવું જોઈએ તેની જાગૃતતા ફેલાવતા પેમ્પલેટ ગણેશ પંડાલના આયોજકોને આપવામાં આવ્યા હતા આ ટેબલેટ થકી ગણપતિ દાદા ના દર્શનાર્થે આવતા તમામ ભક્તજનો ની અંદર જાગૃતતા ફેલાઈ અને બનવા પામનાર આગની ઘટનાઓ નિવારી શકાય તેવો અનોખો પ્રયત્ન કરી ભક્તિ અર્ધ્ય અર્પણ કરવામાં આવ્યું હતું

## શ્રી મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ દિલ્હી એનસીયુઆઇ ખાતે

# અમરેલી જીલ્લા ૪૦ મંત્રી-મેનેજરોનો લીડરશીપ ડેવલોપમેન્ટ અંતર્ગત કાર્યક્રમનો શુભારંભ

### અમરેલી જિલ્લાના સહકારી સદસ્યો લીડરશીપ ડેવલોપમેન્ટ કાર્યક્રમમાં જોડાયા






અમરેલી, અમરેલી જીલ્લા સહકારી સંઘ દ્વારા યુવા નેતા શ્રી મનીષ સંઘાણી ના માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લાની સહકારી મંડળીઓના ૪૦ મંત્રી, મેનેજર અને સદસ્યો ને ન્યુ દિલ્હી એન.સી.યુ.આઇ. પ્રશિક્ષણ હેતુ મોકલવામાં આવ્યા છે જેનો યુવા નેતા શ્રી મનીષ સંઘાણી અને એન.સી.સી.આઇ. નાં ડેપ્યુટી ડાયરકટર શ્રી સાવિત્રી સિંહ જી ની ઉપસ્થિતિમાં શુભારંભ કરવામાં આવ્યો હતો જ્યારે આ તાલીમ દરમિયાન અમરેલી જીલ્લા ની સહકારી સદસ્યો અને મંત્રી, મેનેજર સહકારીતાનાં વિવિધ વિષયો પર વિષય નિષ્ણાતો દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવશે જેનાથી જીલ્લા ની સહકારી ગતિવિધિ ને આગળ વધારવા વેગ મળશે.

# બાબરા તાપડીયા આશ્રમના મહંત ઘનશ્યામદાસ બાપુના આશીર્વાદ મેળવતાશ્રી પરશોત્તમ રૂપાલા

### શ્રી હિંમતભાઇ દેત્રોજા, શ્રી ભુપેન્દ્રભાઇ બસીયા સહિત આગેવાનોની ઉપસ્થિતિ



બાબરા, (દિપક કનૈયા)

બાબરા ખાતે આવેલા વિખ્યાત તાપડીયા આશ્રમ ના મહંત શ્રી ઘનશ્યામદાસ બાપુ ના આજ રોજ આશીર્વાદ મેળવતા અમરેલી ના પનોતા પુત્ર અને રાજકોટ સાંસદ પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલા આશ્રમ ની મુલાકાત લય માહિતી મેળવી હતી આ તકે જીલ્લા પંચાયત સભ્ય હીંમત ભાઈ દેત્રોજા ભુપેન્દ્રભાઈ બસિયા તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા રાજુભાઈ વિરોજા મુકેશભાઈ ખોખરીયા લલીત ભાઈ આંબલીયા અંકુર જસાણી અજીત ખોખરીયા સહિત આગેવાનો હોદ્દેદારો એપણ બાપુ ના આશીર્વાદ મેળવ્યા હતા.

પહેલા પાનાનું

### ૨૦ વર્ષની સજા

ધોરણમાં અભ્યાસ કરતી અને રહેતી અમદાવાદની વિદ્યાર્થીની ઉતરાયણની રજા પુરી કરી પરત હિંમત ટ્રાવેલ્સની ખાનગી બસમાં અમરેલી આવી રહી હતી ત્યારે તેનો પીછો કરી રહેલ ધ્રુવ રાકેશ પરમાર (લુહાર) નામના યુવાને આ વિદ્યાર્થીની સાથેની અન્ય વિદ્યાર્થીનીને બીજા સોફામાં મોકલી ચાલુ બસે ૧૦ માં ધોરણની આ વિદ્યાર્થીની ઉપર બે વખત બળાત્કાર કર્યો હતો અને અમરેલીમાં દાદા ભગવાનનું મંદિર, કામનાથ, એસટી બસ સ્ટેશન સહિતની જગ્યાએ બે દિવસ સુધી ફેરવી હતી અને અડપલા કર્યા હતા.

તા.૨૦ મી એ રાત્રે આ વિદ્યાર્થીની તે જે સંસ્થામાં અભ્યાસ કરે છે ત્યાં જતા આ ઘટના પ્રકાશમાં આવી હતી અને મુળ જસદણના ખારચીયા ગામના વતની ધ્રુવ રાકેશ પરમાર સામે પોકસો કાયદા અન્વયે ગુનો દાખલ થયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઇ શ્રી પ્રશાંત લકકડ તથા રાઈટર શ્રી રમેશભાઈ વાળા અને શ્રી રોહિતભાઈ દેગામાએ એસપીશ્રી હિમકરસિંહના માર્ગદર્શનમાં તપાસ કરી અને કડીબધ્ધ પુરાવાઓ એકત્ર કર્યા હતા.

આ કેસ અમરેલીનાં સ્પેશ્યલ પોકસો જજ શ્રી ડી.એસ.શ્રીવાસ્તવ સમક્ષ ચાલી જતા જિલ્લા સરકારી વકીલ શ્રી મમતાબેન ત્રિવેદીએ આરોપીને દાખલારૂપ સજા કરવા કરેલી ધારદાર દલીલો તથા તેમણે રજુ કરેલા પુરાવાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપી ધ્રુવ રાકેશભાઈ જીતુભાઈ પરમાર રહે.૧૮ ક્રિષ્ના એપાર્ટમેન્ટ, દ્વારકેશ સોસાયટી અમદાવાદને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬ માં ૭ વર્ષની સજા અને ૧૦ હજાર દંડ તથા પોકસો એક્ટની કલમ ૪/૮/૧૦/૧૨ તથા ૧૮ અને આઈપીસી ૩૭૬ (૨) એ તથા ૩૭૬ (૨)(જે) તથા ૩૫૪, ૩૫૪ ક, ૩૫૪ ઘ માં ૨૦ વર્ષની સખત કેદ અને ૨૦ હજાર દંડ ફટકાર્યો હતો અને ભોગ બનનારને ૪ લાખ વળતર પેટે ચુકવવા આદેશ કર્યો હતો.

પહેલા પાનાનું

### પીડીતાના પરિવારને

વાલીને પોલીસ ઉપર વિશ્વાસ રાખી તપાસમાં સહકાર આપવા સમજાવતા ૨૦૨૩ નાં ૨૧ મી જાન્યુઆરીએ અમરેલી તાલુકા પોલીસમાં આ ગુનો દાખલ થયો હતો. આજે જ્યારે કોર્ટે પુરાવાઓ અને થયેલી તપાસ તથા વકીલની દલીલો ઉપરથી આરોપીને સખત દાખલારૂપ સજા ફટકારતા પિડીતાના પરિવારનો પોલીસ અને કાયદા ઉપરથી ઉડી ગયેલો વિશ્વાસ પુનઃસ્થાપિત થયો હતો સાથે સાથે જિલ્લા સરકારી વકીલ ઉપરાંત મદદમાં રહેલ એડવોકેટશ્રી રીપલ હેલૈયાએ પણ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી અને જો સાચી રીતે કાયદાનું પાલન થાય તો ગુનેગાર છટકી શકે નહી તે વાતને અમરેલીની તાલુકા પોલીસ તથા કોર્ટે સાચી પાડી હતી.

પહેલા પાનાનું

### બસમાં બળાત્કાર

જણાવ્યા અનુસાર આરોપી ધ્રુવએ બસમાં ૧૬ વર્ષની પિડીતા ઉપર બળાત્કાર કરી અમરેલીમાં બે દિવસ ફેરવી અને પિડીતાને સંસ્થામાં મુકવા ગયો હતો પણ તેણીના વાલીએ અમારી સિવાય કોઈ દિકરીને મુકવા આવશે નહી તેવી આપેલી સુચનાનું સંસ્થાએ પાલન કર્યુ અને મુકવા આવેલ ગુનેગારને પકડી રાખ્યો હતો અને તેમના વાલીને જાણ કરતા તેઓ અમરેલી આવી પહોંચ્યા હતા અને પોલીસની સમજાવટથી ગુનો દાખલ થયો હતો.


**મહેરબાનશ્રી એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની સમક્ષ મુ.ધારી**

ફો.પ.અ.નં.૦૦/૨૦૨૪

અરજદાર :- શ્રી લાભુબેન D/o નાનજીભાઈ રાણાભાઈ દાફડા રહે.અમરેલી

વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ધારી ગ્રામ પંચાયત તા.ધારી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી લાભુબેન D/o નાનજીભાઈ રાણાભાઈ દાફડા રહે.અમરેલી વાળાએ તેણીએ તેમની લાભુબેન નાનજીભાઈ દાફડાનો જન્મ તા.૦૪-૦૬-૧૯૭૪ ના રોજ ધારી તાલુકાના ધારી મુકામે જન્મ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭-૯-૨૦૨૪ ના રોજ ૦૪:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધારી**

**મહેરબાનશ્રી એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની સમક્ષ મુ.ધારી**

ફો.પ.અ.નં.૦૦/૨૦૨૪

અરજદાર :- શ્રી હસમુખભાઈ ભીખુભાઈ અંટાળા રહે.હરીપરા, તા.ધારી

વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ગોવિંદપુર ગ્રામ પંચાયત તા.ધારી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી હસમુખભાઈ ભીખુભાઈ અંટાળા રહે.હરીપર વાળાએ તેમના પુત્ર નામે રાકેશ હસમુખભાઈ અંટાળાનો જન્મ તા.૦૧-૦૬-૧૯૮૯ ના રોજ ધારી તાલુકાના ગોવિંદપુર ગામ મુકામે જન્મ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭-૯-૨૦૨૪ ના રોજ ૦૪:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધારી**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૬૧/૨૦૨૪

અરજદારશ્રી :- શ્રી સુરાચંદા ભુપતભાઈ નાનજીભાઈ રહે.કેવડા પરા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

વિરૂધ્ધ....સામાવાળા :- ૧. જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી નગરપાલિકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પુત્રી સુરાચંદા રુચિતા ભૂપતભાઈનો જન્મ તા.૦૧-૦૧-૨૦૦૬ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.
આજ તા.૦૩-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૦૮/૨૦૨૪

અરજદારશ્રી :- શ્રી રાદડીયા રાજેશભાઈ ગિરધરભાઈ રહે.લીખાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

વિરૂધ્ધ....સામાવાળા :- ૧. તલાટી કમ મંત્રીશ્રી લીખાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી રાદડીયા રાજેશભાઈ ગિરધરભાઈનો જન્મ તા.૦૫-૦૪-૧૯૭૭ ના રોજ મુ.લીખાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.
આજ તા.૦૩-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૦૭/૨૦૨૪

અરજદારશ્રી :- શ્રી સાવલીયા રાજુભાઈ પરશોતમભાઈ રહે.લીખાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

વિરૂધ્ધ....સામાવાળા :- ૧. તલાટી કમ મંત્રીશ્રી લીખાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી સાવલીયા રાજુભાઈ પરશોતમભાઈનો જન્મ તા.૦૧-૦૮-૧૯૭૯ ના રોજ મુ.લીખાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.
આજ તા.૦૩-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૧૦/૨૦૨૪

અરજદારશ્રી :- શ્રી સાવલીયા સંજયભાઈ ધીરૂભાઈ રહે.લીખાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

વિરૂધ્ધ....સામાવાળા :- ૧. તલાટી કમ મંત્રીશ્રી લીખાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી સાવલીયા સંજયભાઈ ધીરૂભાઈનો જન્મ તા.૦૩-૦૨-૧૯૭૫ ના રોજ મુ.લીખાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.
આજ તા.૦૩-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૧૧/૨૦૨૪

અરજદારશ્રી :- શ્રી સાવલીયા મુકેશભાઈ લક્ષ્મણભાઈ રહે.લીખાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

વિરૂધ્ધ....સામાવાળા :- ૧. તલાટી કમ મંત્રીશ્રી લીખાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી સાવલીયા મુકેશભાઈ લક્ષ્મણભાઈનો જન્મ તા.૧૩-૦૭-૧૯૭૪ ના રોજ મુ.લીખાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.
આજ તા.૦૩-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

ફોજદારી પરચુરણ અરજી નં. ૧૮૯-૨૦૨૪............મુ.તા.૦૩-૧૦-૨૦૨૪

અરજદાર : કનુભાઈ સોમાભાઈ કિકર રહે.ભાવરડી, તા.ખાંભા

અરજદારના વિ.વ.શ્રી ડી.બી.જોષી

વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી ભાવરડી, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના નાના ભાઈના પુત્ર આકાશ અમરૂભાઈ કિકરનો જન્મ તા.૨૦-૦૭-૨૦૧૩ ના રોજ ગામ ભાવરડી, તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના ભાઈના પુત્રના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૦૩-૧૦-૨૦૨૪ ના રોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૦૫-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૧૨/૨૦૨૪

અરજદારશ્રી :- શ્રી ડોબરીયા શ્વેતા રમેશભાઈ રહે.શાંતીવીલા બંગલોજ, કામરેજ સુરત, જિ.સુરત

વિરૂધ્ધ....સામાવાળા :- ૧. તલાટી કમ મંત્રીશ્રી ગાધકડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ડોબરીયા શ્વેતા રમેશભાઈનો જન્મ તા.૨૪-૦૧-૧૯૮૮ ના રોજ મુ.ગાધકડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.
આજ તા.૦૪-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૬૦/૨૦૨૪

અરજદારશ્રી :- શ્રી સુરાચંદા ભુપતભાઈ નાનજીભાઈ રહે.કેવડા પરા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

વિરૂધ્ધ....સામાવાળા :- ૧. જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી નગરપાલિકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પુત્ર સુરાચંદા રોનક ભૂપતભાઈનો જન્મ તા.૦૧-૦૧-૨૦૦૯ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.
આજ તા.૦૩-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૦૯/૨૦૨૪

અરજદારશ્રી :- શ્રી સાવલીયા ભુપતભાઈ ધીરૂભાઈ રહે.લીખાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

વિરૂધ્ધ....સામાવાળા :- ૧. તલાટી કમ મંત્રીશ્રી લીખાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી સાવલીયા ભુપતભાઈ ધીરૂભાઈનો જન્મ તા.૧૨-૦૬-૧૯૭૪ ના રોજ મુ.લીખાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.
આજ તા.૦૩-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃતિ
પાના નં. ૮ તા.૧૧-૦૯-૨૦૨૪ બુધવાર

બાલક્રિષ્ના ટ્રેકટર્સ
આયશર 188 (મીની) ટ્રેક્ટર
રૂા.૨,૫૧,૯૯૯/-* સ્પે.ઓફર
ફક્ત રૂા.૧ લાવો ટ્રેક્ટર ઘરે લઇ જાઓ
ગર્વમેન્ટ સબસીડી માન્ય
● પાવરફુલ એરકુલ્ડ એન્જીન
● ૧૦ સ્પીડ ગિયરબોક્સ
● તેલમાં ડુબેલી બ્રેક્સ
*શરતોને આધિન
રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૪/૬૫

ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર
સુકા, તથા લીલા ખરજવા, ધાધર, શીળસ, ખુજલી, ખસ, લોહી, ગંઠાઈ જવું પાકી ગયેલ રસોળી, ગડગુમડ, સફેદ ડાઘ, સોરાયસીસ, સાંધાનો-વાનો માથાનો દુઃખાવો, ખીલ, વાઢીયા, કરોળીયા, હર્પીસ, હરસ-મસા-ભંગદર, જેવા હઠીલા રોગોના જળો દ્વારા ખરાબ લોહી ચુસીને 100% મટાડી શકાય છે.
કૈલાશ કલીનીક
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.) મો. ૯૪૨૬૪ ૨૧૯૨૨
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.) મો. ૯૪૨૮૪ ૧૯૮૪૧
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૦૫

## સંતો મહંતો અને વિશ્વ હિન્દુ પરિષદનાં આગેવાનોની ઉપસ્થિતિમાં શ્રી વિજય દેસાઇનાં માર્ગદર્શન નીચે

# અમરેલી જિલ્લામાં ષષ્ટિપુર્તિ વર્ષ ઉજવણીનો પ્રારંભ

### વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આયોજન થતા ષષ્ટિપૂર્તિ વર્ષ સમારોહના અધ્યક્ષ શ્રી વિજય દેસાઈના માર્ગદર્શનમાં દરેક પ્રખડમાં હિન્દુ સંમેલનનું આયોજન

### વિશ્વ હિન્દુ પરિષદનાં આગેવાનોકિરીટભાઈ મિસ્ત્રી, ઈતેશ મહેતા અને રશ્મિન ત્રિવેદી અને આગેવાનો દ્વારા વિશ્વ હિન્દુ પરિષદનું મહત્વ સમજાવશે



અમરેલી,

હિન્દુધર્મસંસ્કૃતિ-પરંપરાના રક્ષણ તથા સંવર્ધન માટે મુંબઈના સાંદિપની આશ્રમ ખાતે રાષ્ટ્રીય સાયંસેવક સંઘના દ્વિતીય સરસંઘથાલક પૂજ્ય ગુરુજીની પેરણાથી હિન્દુ, શીખ, જૈન વગેરે ભારતીય પરંપરાઓના પૂજ્ય સંતો તથા પવથી કે. કા. શાસીજી જેવા વિદ્વાનોની પ્રેરક ઉપસ્થિતિમાં વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપના થઈ. આજ દિન સુધીના કાર્યકાળમાં અનેક સફળ આંદોલન જનજાગરણ થકી વિ.હિ.પ. દ્વારા થદ્ધાકેન્દ્રોની મુક્તિ. લવ-લેન્ડ જેહાદ વિરુધા કાયદા, ગૌરક્ષા માટે કાયદા, ધર્માંતરણ અટકાવવું-ઘરવાપસી, સામાજિક સમરસતા, વનવાસી કલ્યાણ. સેવા, બાલ સંસ્કાર જેવા અનેક કાર્યો સફળતાપૂર્વક કરવામાં આવ્યા છે. આજે ઘણ ૩૨ દેશોમાં ૫૩ હજાર કરતાં વધુ સમિતિઓ અને ૭૦૦ જેટલા પૂર્ણકાલીન કાર્યકર્તાઓના માધ્યમથી ચાલતી વિ.હિ.પ પોતાના ૬૦ પછી સમગ્ર હિન્દુ સમાજને માહિતગાર કરવાના હેતુ સાથે કેન્દ્રની યોજના મુજબ સમગ્ર દેશના દરેક પ્રકરણની અંદર હિન્દુ સંમેલન આયોજન કરવાનું નક્કી કરેલ છે અમરેલી જિલ્લાના ષષ્ટિપૂર્તિ સમારોહ અધ્યક્ષ અને વિશ્વ હિન્દુ પરિષદના ઉપાધ્યક્ષ યુવા ઉદ્યોગપતિ વિજયભાઈ દેસાઈ ની આગેવાની માં અને જિલ્લા અધ્યક્ષ ઈતેશભાઈ મહેતા ના માર્ગદર્શન હેઠળ તારીખ .૯ ૨૦૨૪ થી ૧૭.૯. ૨૦૨૪ માં લીલીયા, લાઠી, દામનગર, બાબરા,

(અનુ. પાના નં.૭)

### અમરેલી જિલ્લામાં ષષ્ટિપુર્તિ સમારોહની સમય સારણી

લીલીયા ૧૫-૯-૨૪ શાંતાબા સ્કુલ રાત્રે ૫:૩૦ કલાકે, કુંકાવાવ વડીયા તા. ૧૨-૯-૨૪, રાત્રે ૫:૩૦ કલાકે, ભુરખીયા હુનમાન મંદિર કુંકાવાવ, દામનગર તા. ૧૭-૯-૨૪ રાત્રે ૯ કલાકે, ગાયત્રી મંદિર, લાઠી તા. ૧૨-૯-૨૪ સાંજે ૬ કલાકે સન્યાસ આશ્રમ, બાબરા તા. ૧૫-૯-૨૪ રાત્રે ૯:૩૦ કલાકે પંચનાથ મંદિર બાબરા, ધારી તા. ૧૬-૯-૨૪ રાત્રે ૫:૩૦ કલાકે મુક્તેશ્વર મંદિર ધારી, અમરેલી ગ્રામ્ય તા. ૧૭-૯-૨૦૨૪ રાત્રે ૯ કલાકે સ્વામિનારાયણ ગુરૂકુળ, બગસરા તા. ૧૨-૯-૨૪ રાત્રે ૯ કલાકે જાનકી આશ્રમ બગસરા ખાતે હિન્દુ સંમેલનો યોજાશે. તેમ ષષ્ટિપુર્તિ સમિતિનાં અધ્યક્ષ વિજયભાઈ દેસાઈએ જણાવ્યું છે.

### સમરસ હિન્દુ સમાજનું નિર્માણ વિહિપની અગ્રીમતા : દેવશીભાઈ રાવત



અમરેલી,

વિશ્વ હિન્દુ પરિષદ ના રાષ્ટ્રીય મંત્રી અને સમરસતા ના રાષ્ટ્રીય સંયોજક. દેવજીભાઈ રાવત અમરેલી વિશ્વ હિન્દુ પરિષદ દવરા આયોજિત સષ્ટી પૂર્તિ. ના સમાપન માં મહર્ષિ અરવિંદ કેન્દ્ર ખાતે યોજાએલ ગોસ્ઠિ ને સંબોધન કરતા જણાવેલ કે વર્તમાન સમય માં સમરસ હિન્દુ સમાજ નું નિર્માણ કરવું એ વિશ્વ હિન્દુ પરિષદ નું કામ છે. આ માટે કેન્દ્ર થી લઈ પ્રખડ સુધી પરિસદ નું સમરસતા. આયામ ની રચના થેયલ છે. આ તકે વિશ્વ હિન્દુ પરિષદ ના જિલ્લા અધ્યક્ષ ઈતેશભાઈ મહેતા એ વિશ્વ પરિષદ ની ૬૦ વર્ષની યાત્રા માં સંઘર્ષ, સંગઠન અને સેવા સંપર્ક થી હિન્દુ ની પોતાની સંસ્થા થી બની છે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે એડવોકેટ બકુલ ભાઈ ત્રિવેદી, જીજ્ઞેશ દાફડા, વિશ્વ હિન્દુ પરિષદ ના સૌરાષ્ટ્ર પ્રાંત સહ મંત્રી રસિકભાઈ કનઝારિયા જિલ્લા ઉપાધ્યક્ષ વિજય ભાઈ દેસાઈ, રશ્મિન ભાઈ જીલ્લા સહ મંત્રી ધર્મેશ ભાઈ ગોંડલીયા, વિપુલ ભાઈ દવે, જિલ્લા પદાધિકારી ડો. પંકજ ભાઈ ત્રિવેદી,

(અનુ. પાના નં.૭)

JAI GANESH TOYOTA
સાવરકુંડલામાં લાઈવ ડેમો
HDFC બેંક સામે, પશુ દવાખાના પાસે, મહુવા રોડ, સાવરકુંડલા. મો. 7486007249
URBAN CRUISER HYRYDER HYBRID 27.97 KM/L CNG 26.11 KM/KG Benefits up to ₹ 98,500*
URBAN CRUISER TAISOR PETROL 21.70 KM/L CNG 28.50 KM/KG Benefits up to ₹ 78,000*
JAI GANESH TOYOTA
Safari Park, Plot No. 4, Survey No. 160p1, Nr. Lathi Baypass Road, Amreli. Ph. 7600086105
BHAVNAGAR I AMRELI I JUNAGADH I RAJKOT I VERAVAL
*T&C apply

ઘરમાં સૌથી શાંતિ મેળવવાનું ઠેકાણું એટલે બાથરૂમ. એ પણ મી. સેન્ટ ટાઈલ્સ કલીનરથી સાફ હોય તો જ.
• ડાઘ દૂર કરે વાતાવરણ શુધ્ધ બનાવે
• બ્રશ ન પહોંચે ત્યાં પણ સફાઈ કરે
મી. સેન્ટ® ટાઈલ્સ કલીનર
An ISO 9001:2015 Certified Company
બી.બી. હાઉસહોલ્ડ પ્રોડકટસ પ્રા. લી.
M. 92278 75773 | E-mail: bbokayindia@gmail.com | Web: www.okay-india.com

હાર્દિક શુભકામનાઓ
શ્રી અંબરીશભાઇ કે.જોષી
ડાયરેક્ટરશ્રી
અમરેલી જિલ્લા સહકારી સંઘ
રાષ્ટ્રીય સહકારી આગેવાન શ્રી દિલીપભાઇ સંઘાણીના માર્ગદર્શન તળે અમરેલી જિલ્લા સહકારી સંઘના ડાયરેક્ટર તરીકે અમારા પરમ સ્નેહી
શ્રી અંબરીશભાઇ કે.જોષી
ની સર્વાનુમતે વરણી થવા બદલ ખુબ ખુબ અભિનંદન.
-:: શુભેચ્છક ::-
રાજુભાઇ ઠાકર - યોગેશભાઇ ઠાકર
ભાનુભાઇ આંબલીયા તથા
મહાદેવ હોટેલ સ્ટાફ પરિવાર - ખાંભા

વર્ષોથી ઉચ્ચતમ ગુણવતાની પરંપરા
શ્રાવણ માસ સ્પે. ડિસ્કાઉન્ટ
બીપીન ચા
કિફાયતી ભાવ - દમદાર ચા
પ્રિમીયમ ક્વોલીટી બીપીન ચા
૧ કિલો Rs.280/- | ૫૦૦ ગ્રામ Rs.140/- | ૨૫૦ ગ્રામ Rs.70/-
ઓફર માત્ર ગણતરીના દિવસો માટે...
મે. બીપીન ટી સેન્ટર
હવેલી રોડ, જેઇલ રોડ કોર્નર, અમરેલી. મો.૯૪૦૮૪ ૬૮૪૧૭

ભગવાન સૌનું ભલુ કરો...
– રાજી રેજો
પ.પૂ. યોગીજી મહારાજ

બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલ-અમરેલી
24 7 ઈમરજન્સી સેવાઓ ચાલુ છે.
■ ગંભીર દર્દી તથા ઝેરી દવાની અસર તથા ઝેરી જીવ જંતુ કરડવાની સારવાર તથા અદ્યતન સાધનો સાથે ક્રિટીકલ કેર આઈ.સી.યુ. તથા આઈ.સી.સી.યુ. ઉપલબ્ધ
■ હિમોડાયાલીસીસ કિડની ફેલ્યોરના દર્દીઓ માટે સારવાર
■ ઈકો-કાર્ડીયોગ્રાફી, (ECG) તથા ટ્રેડમીલ સ્ટ્રેસ ટેસ્ટ (TMT) પલ્મોનરી ફંકશન ટેસ્ટ (PFT)
■ એક્સ-રે તથા લેબોરેટરીની સુવિધા
■ ૨૪ કલાક ક્વોલીફાઈડ મેડીકલ ઓફિસર તથા નર્સિંગ સ્ટાફ ઉપલબ્ધ
■ ૨૪ કલાક ફાર્મસી (મેડીકલ) ઉપલબ્ધ
■ ડીલક્ષ, સ્પેશિયલ તથા સેમી સ્પેશિયલ રૂમની સુવિધા
ડો.અશોક એન.પરમાર M.D. MEDICINE
એમ્બ્યુલન્સ માટે સંપર્ક :- મો.૯૬૨૪૪ ૬૮૮૮૩/૯૬૩૮૫ ૩૮૫૦૮
AB - PMJAY/MAA યોજના અંતર્ગત હાડકા તથા ઘુંટણના સાંધા બદલવાની તથા જનરલ સર્જરી સેવા ઉપલબ્ધ
બી.એમ.ચોક, માણેકપરા, લીલીયા રોડ અમરેલી.

સમભાવ હોસ્પિટલ
ડો.દેવકી એ.મોગા M.B., DVD (Skin & VD)
dr.devkivala@gmail.com
અમરેલીમાં સૌ પ્રથમ વિશ્વની સૌથી આધુનિક Fractional CO2 લેસર સારવાર હવે સમભાવ માં
■ ખીલના ખાડા માટે ■ સ્ટ્રેચમાર્ક્સ માટે
■ અછબડાના ડાઘ અને ખાડા માટે
■ ઓપન પોર માટે ■ સ્કીન ટાઇટનીંગ માટે
■ વાગેલા ડાઘ માટે ■ કીલોઇડ માટે
■ ચહેરાના તલ માટે ■ ચહેરા પરની કરચલીઓ માટે
■ ફેશીયલ રીજુવીનેશન માટે
માણેકપરા, લાઇફ લાઇન કોર્નર સામે, ડો.ધડુક સાહેબની હોસ્પિટલની બાજુમાં, સ્વામિનારાયણ મંદિર રોડ, અમરેલી
સોમ થી શનિ સવારે : ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮ - અપોઇમેન્ટ માટે મો.૭૫૬૭૨ ૭૬૩૬૯

કલરવ હોસ્પિટલ
ડો. મિથિલ આર.પટેલ સ્ત્રી રોગના નિષ્ણાંત (MD D.G.O.)
સ્ત્રીરોગ અને પ્રસુતિની શ્રેષ્ઠ સારવાર માટે કલરવ હોસ્પિટલમાં સારવાર શા માટે ?
ફ્રી ડિલીવરી સિઝેરિયન ઓપરેશન
◦ સ્ત્રીરોગની શ્રેષ્ઠ સારવાર
◦ નોર્મલ ડિલિવરીને પ્રાથમિકતા
◦ નિ:સંતાન દંપતીની સારવાર દ્વારા પ્રેગ્નન્સી
◦ ક્રિટિકલ અને સિઝેરિયન ડિલિવરીની સારવાર ગર્ભાશય અને અંડાશયના
◦ રોગ માટે લેપ્રોસ્કોપી સર્જરી દ્વારા સારવાર.
કલરવ હોસ્પિટલ
કેરીયા રોડ, રેલ્વે ફાટક પાસે, અમરેલી. ● ફોન નં. (02792) 221322

મારૂતિ ક્લિનિક
ડો.આકાશ આર.જાવિયા ડો.હિના એ.જાવિયા
રાજકોટની ખ્યાતનામ હોસ્પિટલમાં ૬ વર્ષથી વધુ કામ કરવાના અનુભવી - નિષ્ણાંત તબીબ
સાંધાના રોગો
ગોઠણનો દુખાવો, કમરનો દુખાવો, સાઇટીકા, ગરદનનો દુખાવો, ખંભાનો દુખાવો, સંધિવા તથા અસ્થિવા, નસ દબાવી, હાથ અને પગમાં ખાલી ચડવી, હાથ અને પગના કાંડાના દુખાવા, પેનીનો દુખાવો, હાડકામાં કેલ્શિયમની ઉણપની સારવાર ઉપલબ્ધ છે.
E.C.G. (કાર્ડિયોગ્રામ) ની સુવિધા ઉપલબ્ધ / ડાયાબીટીસ / બી.પી. / કોલેસ્ટ્રોલ
સમય : સવારે ૯:૩૦ થી ૧:૩૦, સાંજે ૪:૦૦ થી ૭:૦૦
દુ.નં.૧૦, લાઇફ લાઇન કોર્નર, માણેકપરા, મેઇન રોડ, નારી હોસ્પિટલની સામે, અમરેલી
મો.૯૬૬૨૬ ૩૫૧૨૪

હવે આપની ગોળ હોસ્પિટલ અમરેલીમાં....
ડો. રાજેન્દ્ર ત્રિવેદીનો ૩૯ વર્ષોનો ન્યુરો સ્પાઇન ક્ષેત્રે અનુભવ તથા ડો. પુનિત ત્રિવેદીના આધુનિક મેડિકલ સાયન્સનો ડબલ જનરેશન એડવાન્ટેજ
ડૉ.પુનિત ત્રિવેદી
MS DNB (Neurosurgery)
ફેલો ઈન એપિલેપ્સી, બ્રેઈન એન્ડોસ્કોપી એન્ડ સ્કલ બેઇઝ સર્જરી, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જન
• માથાની ઇજા • પિચ્યુટરીની ગાંઠ
• બ્રેઈન હેમરેજ • માથાનો દુ:ખાવો (માઇગ્રેન)
• ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા • મગજમાં પાણીનો ભરાવો (હાઇડ્રોસેફેલસ)
• પક્ષઘાત (સ્ટ્રોક) • મગજની નસમાં મોરલી (એન્યુરીઝમ)
• એપિલેપ્સીની સારવાર તથા સર્જરી • મણકા અને કરોડરજ્જુની નસની તકલીફો
• મગજ કે કરોડરજ્જુની ગાંઠ
તારીખ : ૧૩/૦૯/૨૦૨૪ (શુક્રવાર)
એપોઈન્ટમેન્ટ માટે : ૯૯૭૮૯૬૬૬૨૯
સમય : સવારે ૧૦:૩૦ થી બપોરે ૧૨:૩૦ સુધી.
સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ) ચિત્તલ રોડ, અમરેલી
તપાસ ફી ૬૦૦/-
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli

શાશ્વત Haemato-Onco Associates Quality Care with Compassion
SHREE RMS HOSPITAL
ડો. અલ્પેશ કિકાણી
એમ.ડી.ડી.એમ. મેડીકલ ઓન્કોલોજી
કેન્સરની કીમો થેરાપી (ડોઝ)ની અને લોહીના કેન્સરની સારવાર...
મહીનાના બીજા શુક્રવારે
સમય : બપોરના ૨ થી ૪ મળશે...
તા.૧૩-૦૯-૨૦૨૪ ના રોજ મળશે
શ્રી રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ
એડ્રેસ : કેરીયા રોડ, રેલ્વે ફાટક પાસે, અમરેલી
૬૩૫૩૧ ૧૩૯૯૨ | ૯૪૨૬૯ ૮૯૩૮૯
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૫૮૦/૨૨૯૫૮૦

LG Life's Good.
TurboWash™
Thoroughly gentle yet incredibly fast washing with turbowash
36% Less Laundry Time
28% More Energy Efficiency
16% Less Clothes Damage
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી તથા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતિ તથા દુરબીનથી થતા ઓપરેશનનાં નિષ્ણાંત
મો.૯૩૨૭૩ ૬૧૦૮૪
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
મો.૯૭૨૩૭ ૯૯૦૯૧
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી